**આરોપી હિતેષભાઈ મનુભાઈ પ્રજાપતિની જામીન અરજી લગત હુકમ**

ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૫૭/૨૦૨૪
ક્રિમીનલ કેસ નં.૭૯૭/૨૦૨૩

---

જામીન અરજી દાખલ કર્યા તા.૨૦/૨/૨૦૨૪

જામીન અરજી ફૈંસલ કર્યા તા.૨૦/૨/૨૦૨૪

આરોપીની જામીન અરજી મંજુર કર્યા તા.૨૦/૨/૨૦૨૪

ફરિયાદી : કૌશિકભાઈ ગજેન્દ્રપ્રસાદ સોની

(૧) હાલની ફરીયાદ ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે દાખલ કરેલ છે.જેમાં આરોપી હાજર ન રહેતા તેઓની સામે પકડ વોરન્ટ કાઢવામાં આવેલું.અગાઉની મુદતે આરોપી તરફે ફરીયાદીને સાંજ સુધી બેસાડી રાખેલા જેથી આરોપી સામે વોરન્ટ કાઢવામાં આવેલું.

(૨) આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલો કરી જણાવેલ છે કે, આરોપી શરતચુકથી ગેરહાજર રહેલા.આરોપી તરફે કોઈપણ જાતની મુદત માંગ્યા વગર કાર્યવાહી ચલાવવા ખુશી છે. આરોપી સામેનો કેસ જોતાં આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીએ હાલની જામીન અરજીનો વિરોધ કરેલ નથી.આરોપી તેમનો કેસ ચલાઈ લેવા ખુશી હોય તથા આરોપી સામે પ્રથમ વખત વોરન્ટ નીકળેલ હોય તથા ઉલટ તપાસ કરવા સારૂ પાંચ મુદત અગાઉ આપેલ હોય આવતી મુદતે ઉલટ તપાસ કરી લેવાની શરતે હાલની અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

આરોપીને રૂા.૧૫,૦૦૦/-ના જામીન ઉપર તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરેથી જામીન ઉપર મુમત કરવામાં આવે છે.

તા.૨૦/૨/૨૦૨૪

(જી.ડી.પડીયા)

કોડ નં.જી.જે.૦૧૦૭૨

બીજા એડી.ચીફ.જયુ.મેજીસ્ટ્રેટ